




# ઉત્તર ગુજરાત વિધાનસભાની ૩૨ બેઠકો પરથી સાત મંત્રી અને ચાર પૂર્વ મંત્રીઓ નસીબ અજમાવશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત વિધાનસભાની યોજનાર બીજા તબક્કાની ચૂંટણીના ઉમેદવારો નક્કી થઈ ગયા છે. બીજા તબક્કાની ચૂંટણી જંગમાં ઉત્તર ગુજરાત પાંચ જિલ્લામાંથી ૭ મંત્રીઓનું ભાવિ નક્કી થશે. તેમજ ચાર પૂર્વ મંત્રીઓ અને ભાજપના પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીનું ભાવી પણ મતદારો નક્કી કરશે. હિંમતનગર બેઠક પર લડનાર રાજ્યના ગૃહમંત્રી શ્રી પ્રફુલ્લ પટેલની સામે સૌથી વધુ ૧૮ ઉમેદવારો ચૂંટણી લડવાના છે. ત્યાં બે ઈવીએમ મશીન વપરાશે. સૌથી વધુ મંત્રીઓ બનાસકાંઠા જિલ્લામાંથી ચૂંટણી જંગ ખેલશે.






ઉત્તર ગુજરાતમાં સમાવિષ્ટ ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની કુલ ૩૨ વિધાનસભાની બેઠકો પર ૭ મંત્રીઓ સહિત ૨૮૮ ઉમેદવારો પોતાનું નશીબ અજમાવી રહ્યાં છે.

જેમાં બનાસકાંઠા જિલ્લાની વાવ બેઠક પરથી ભાજપના પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, થરાદની બેઠક પરથી આરોગ્ય રાજ્ય મંત્રીથી પરબતભાઈ પટેલ, વડગામ બેઠક પરથી યુવક-સેવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલા, અને ડીસાની બેઠક પરથી શ્રમ રાજ્ય મંત્રી શ્રી લીલાધર વાઘેલા ચૂંટણી મેદાનમાં છે.



તે ઉપરાંત પાટણ જિલ્લામાં પાટણની બેઠક પરથી મહેસૂલ મંત્રી શ્રી આનંદીબેન પટેલની જગ્યાએ પૂર્વ મંત્રી શ્રી રણછોડભાઈ રબારી, ચાણસ્માની બેઠક પરથી પૂર્વ મંત્રીશ્રી દિલીપ ઠાકોર, અને સિધ્ધપુરની બેઠક પરથી આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ ચૂંટણી લડવાનાં છે.



મહેસાણા જિલ્લાની ૭ બેઠકો છે. જેમાં ઊંઝાની બેઠક પરથી પૂર્વ મંત્રી શ્રી નારાયણભાઈ પટેલ, વિસનગરની બેઠક પરથી પૂર્વ મંત્રી શ્રી ભોળાભાઈ પટેલ, મહેસાણાની બેઠક પરથી શહેરી મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ ચૂંટણી મેદાનમાં છે. સાબરકાંઠા જિલ્લામાંથી કુલ ત્રણ મંત્રીઓ ચૂંટણી લડવાના છે. જેમાં ઈડરની બેઠક પરથી શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરા, હિંમતનગરની બેઠક પરથી ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રફુલ્લ પટેલ અને પ્રાંતિજની બેઠક પરથી શિક્ષણ રાજ્યમંત્રી શ્રી જયસિંહ ચૌહાણ ચૂંટણી મેદાનમાં છે.

# ગુજરાતમાં ૧૮ થી ૩૯ની ઉંમરના બે કરોડ મતદારો : ૪.૨૫ લાખ ૮૦ પ્લસ

## ૪૪૫૭૯ પૈકી ૧૭૦૨૯ મતદાન મથકો સંવેદનશીલ:૧૬૬૬માં માત્ર ૯૫

## મહિલા ઉમેદવારો : બે તબક્કાની ચૂંટણીમાં ૩૫ પાર્ટીઓ મેદાનમાં, ૬૬૭ અપક્ષો

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૫

ગુજરાતમાં ૧૩ અને ૧૭ ડિસેમ્બરે યોજાનારી બે તબક્કાની ચૂંટણીમાં ૩.૮૦ કરોડ પૈકી બે કરોડ ઉપરાંત મતદારોની વય ૧૮ થી ૩૯ વર્ષની છે. રાજ્યમાં ૮૦થી ઉપરની ઉંમરના કુલ મતદારોની સંખ્યા માત્ર ૪.૨૫ લાખ થવા જાય છે. અત્યંત સુરક્ષા કવચ સાથે યોજાનારા આ પર્વમાં ૧૭૦૨૯ મતદાન મથકો સંવેદનશીલ હોવાથી વધારાનો પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવનાર છે. પ્રત્યેક જિલ્લામાં વેબકાસ્ટીગ કરવામાં આવશે.

રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી અનિતા કરવલે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે રાજ્યમાં ૧.૯૯ કરોડ મહિલા અને ૧.૮૧ કરોડ પુરુષ મતદારો છે. રાજ્યભરમાં ૪૪૫૭૯ મતદાન મથકો છે તેટલા ઈવીએમ વાપરવામાં આવશે, જે પૈકી પહેલા તબક્કામાં ૨૧૨૬૧ અને બીજા તબક્કામાં ૨૩૩૧૮ મતદાન મથકો છે.

૧૩મીએ યોજાનારી પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૮૪૬ ઉમેદવારો મેદાનમાં છે જે પૈકી ૪૬ મહિલાઓ છે. સૌથી વધુ ૨૦ ઉમેદવારો સુરતના લિંબાયત બેઠકમાં ઉભા છે જેના માટે બે ઈવીએમ જોઈશે, જ્યારે સૌથી ઓછા ચાર ઉમેદવારો ગણદેવી અને ધરમપુરમાં છે. પ્રથમ તબક્કામાં ૩૮૩ અપક્ષ ઉમેદવારો અને ૨૯ પાર્ટીઓએ ઝૂકાવ્યું છે.

૧૭મીએ યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં ૮૨૦ પૈકી ૪૯ મહિલા ઉમેદવારો છે. સૌથી વધુ ૧૮ ઉમેદવારો હિંમતનગરની બેઠક ઉપર અનેસૌથી ઓછા ત્રણ ઉમેદવારો ફતેપુરાની બેઠક ઉપર છે. આખરી તબક્કામાં ૨૮૪ અપક્ષ અને ૩૫ પાર્ટીઓ મેદાનમાં છે.

ગુજરાતની રાજકીય પાર્ટીઓ દ્વારા આચારસંહિતા ભંગની કુલ ૫૮ ફરિયાદો ચૂંટણી પંચને મળી છે જેમાં ૨૮ ભાજપે અને ૧૮ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. આ સાથે તમામ જિલ્લાઓમાં સંહિતા ભંગની અત્યાર સુધીમાં કુલ ૮૬૩ ફરિયાદો મળી હતી જે પૈકી ૮૩૦માં પગલાં લેવામાં આવ્યા છે. ૩૫ કેસમાં એફઆઈઆર નોંધવામાં આવી છે.

# આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સાત જાહેરસભાઓ

અમદાવાદ, તા. ૫

ગુજરાતમાં ૧૩ ડિસેમ્બર અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ગુજરાત વિધાનસભા ચૂંટણીના ઉમેદવારોના પ્રચારાર્થે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૬ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં વિવિધ સ્થાનો પર સાત જાહેરસભાને સંબોધન કરશે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ૬ ડિસેમ્બરના રોજના ચૂંટણી પ્રચાર કાર્યક્રમની વિગતો આપતા ભાજપાના મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સવારે ૯.૦૦ કલાકે કેશોદ, કોલેજ રોડ, મધુવન ઈન્ડસ્ટ્રીઝ, રાયકાનગર, જુનાગઢ ખાતે જાહેરસભાને સંબોધી પોતાના ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે. જુનાગઢના કેશોદથી જાહેરસભા સંબોધી નરેન્દ્ર મોદી કમલસિંહ હાઈસ્કુલ, બાબરા, અમરેલી જીલ્લામાં સવારે ૧૦.૩૦ કલાકે, બપોરે ૧૨.૦૦ કલાકે ભાવનગર જીલ્લાના બુધેલ ખાતે, બપોરે ૩.૦૦ કલાકે સુરતના કડોદરા ખાતે અને ૪.૦૦ કલાકે ઠાકોરદ્વાર ફાર્મ, કામરેજ ચારરસ્તા જાહેરસભાને સંબોધશે. તા. ૬ ડિસેમ્બરના રોજ ચૂંટણી પ્રચાર કાર્યક્રમના અંતમાં મુખ્યમંત્રી વડોદરા મહાનગરમાં સાંજે ૭.૦૦ કલાકે મકરપુરા ગરબા ગ્રાઉન્ડ, હનુમાનજી મંદિર સામે, મકરપુર મેઈન રોડ, વડોદરા ખાતે અને રાત્રે ૮.૦૦ કલાકે હરીનગર પાંચ રસ્તા, હરીનગર, વડોદરા ખાતે જાહેરસભાને સંબોધી અમદાવાદ પરત આવશે.

# ફોજદારી કેસો ધરાવતાં ઉમેદવારો પણ ખૂબ વધુ

અમદાવાદ,તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૪૮૨ ઉમેદવાર પૈકીના ૨૨ ટકા જેટલા ઉમેદવાર સામે ગુનેગારી કેસો પેન્ડીંગ રહેલા છે જ્યારે ૩૦ ટકા કરોડપતિ છે. કેટલાક ઉમેદવારો સામે ગંભીર પ્રકારના ગુનાઓ પણ નોંધાયેલા છે જેમાં જેડીયુના ઝઘડીયાના ઉમેદવાર છોટુ વસાવા સામે હત્યાના ત્રણ આરોપો અને હત્યાના પ્રયાસ સાથે સંબંધિત એક આરોપ છે.

ગુજરાતમાંથી ચૂંટણી લડી રહેલા ૧૦૪ ઉમેદવારની સામે ફોજદારી કેસો પેન્ડીંગ રહેલા છે. કોંગ્રેસના ૮૩ પૈકી ૨૭ ઉમેદવાર પ્રથમ તબક્કામાં ફોજદારી કેસોં ધરાવે છે જે ૩૩ ટકાની આસપાસ છે. કોંગ્રેસના ૨૭ ઉમેદવારો પૈકીના આઠ સામે ગંભીર પ્રકારના આક્ષેપો છે. જુદા જુદા રાષ્ટ્રીય પક્ષોના ઉમેદવારો સામે પણ ફોજદારી કેસો પેન્ડીંગ રહેલા છે. જેડીયુના ઉમેદવારો પૈકી સાત સામે ફોજદારી કેસ રહેલા છે. પ્રથમ તબક્કામાં કયા રાજકીય પક્ષના કેટલા ઉમેદવાર સામે ફોજદારી કેસ છે.

# ગાંધીનગર (ઉ) બેઠકના ઉમેદવારોએ પ્રચારનો ધમધમાટ શરૂ કર્યો

ગાંધીનગર, તા.૫

ગુજરાત વિધાનસભા ચૂંટણીનો રંગ ધીમે ધીમે બરોબર જામતો જાય છે અને ઉમેદવારો પણ તે રંગમાં રંગાવવા લાગ્યા છે ત્યારે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના મુખ્ય-૩ પક્ષોના ઉમેદવારો હાલ ગામડે-ગામડા ખૂંદી રહ્યા છે અને જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર ઉત્તરના ભાજપના ઉમેદવાર અશોકભાઈ પટેલ દ્વારા પણ પોતાના મતવિસ્તારમાં પ્રચારનો ધમધમાટ શરૂ કર્યો છે જેના ભાગ રૂપે આજે તેઓ પોતાના કાર્યકરોના ટોળા સાથે ઉનાવા, રાંધેજા, પેથાપુર, પીંડારડા, પીંપળજની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ રાત્રિ દરમિયાન કિસાન મોરચાની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે કોંગ્રેસના ઉમેદવાર દ્વારા પણ પોતાના પ્રચારમાં કાર્યકર્તાઓની સાથે રહી બોરીજ, સોનીપુર, રૂપાલ, સરઢવ, જલુંદ, આદરજ, વાવોલ, ધોળાકુવા, ઈન્દ્રોડા અને રાત્રિ દરમિયાન કોલવડા ગામમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે બીજા પક્ષોના ઉમેદવાર તેમજ અપક્ષ ઉમેદવારો તરફથી પણ પ્રચારમાં સંપૂર્ણ જોર મુકવામાં આવ્યું છે.

# આવતીકાલે સોનિયા ગાંધીની માંડવી અને કેશોદમાં જાહેરસભા

અમદાવાદ, તા. ૫

ગુજરાત વિધાનસભાની આગામી તા. ૧૩મી અને તા. ૧૭મીએ બે તબક્કામાં યોજાનારી ચૂંટણીમાં પ્રચારાર્થે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી તા. ૭મી ડિસેમ્બરે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. સોનિયા ગાંધી સુરતના માંડવી અને જૂનાગઢના કેશોદ ખાતે જાહેર સભાને સંબોધશે.

પ્રદેશ કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચારાર્થે કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી તા. ૭મી ડિસેમ્બરે ગુજરાત આવશે. જેમાં સુરત જિલ્લાના માંડવી નજીક ગોડસંબા-કીમ માંડવી રોડ પર બપોરે ૧૧.૩૦ કલાકે જાહેરસભાને સોનિયા ગાંધી સંબોધશે. જાહેરસભા પૂર્ણ થયા બાદ સોનિયા ગાંધી હવાઈ માર્ગે જૂનાગઢ જિલ્લાના કેશોદ જશે. જ્યાં વિનાપાર્ક, વંથલી-કેશોદ રોડ પર બપોરે ૧.૩૦ કલાકે જાહેરસભા યોજાશે. સોનિયા ગાંધી સાથે પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા સહિતના અગ્રણીઓ જોડાશે.

## રાજ્યમાં ૧૭૦૨૯ મતદાન મથકો સંવેદનશીલ

# રાજ્યમાં ૩.૮૦ કરોડ મતદાર નોંધાયા : મહિલાઓ પણ વધુ

અમદાવાદ, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં તા. ૧૩મી અને તા. ૧૭મી ડિસેમ્બરે યોજાશે જેમાં કુલ ૧૮૨ બેઠકો માટે ૧૬૬૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રસાકસીભર્યા જંગમાં ગુજરાત પરિવર્તન પાર્ટીઓ પણ ચૂંટણી મેદાનમાં છે. રાજ્યમાં શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજાય તે માટે ચૂંટણી પંચે સઘન વ્યવસ્થા ગોઠવી દીધી છે. કુલ સંવેદનશીલ મતદાન મથકો ૧૭૦૨૯ જેટલા છે.

રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યમાં બે તબક્કામાં યોજાનારી ચૂંટણીમાં કુલ ૩૮૦૭૭૪૫૪ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં ૧૯૯૩૩૫૪૩ મહિલા મતદારો અને ૧૮૧૪૩૭૧૪ પુરુષ મતદારોનો સમાવેશ થાય છે. રાજ્યમાં પુરુષની સરખામણીમાં મહિલા મતદારોની સંખ્યા સૌથી વધુ છે. વયપ્રમાણે મતદારો જોઈએ તો ૧૮ થી ૧૯ વર્ષના મતદારોની સંખ્યા ૧૩૩૬૬૧૧ છે જ્યારે ૨૦થી ૨૯ વયના મતદારોની સંખ્યા ૧૦૦૬૯૦૬૧ છે, તથા ૩૦ થી ૩૯ વર્ષની વયના મતદારોની સંખ્યા ૯૩૭૯૬૧૦ છે. આમ યુવા મતદારોની સંખ્યા સૌથી વધુ છે. બન્ને તબક્કાની ચૂંટણીમાં કુલ ૪૪૫૭૯ જેટલાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનનો ઉપયોગ થશે. પ્રથમ તબક્કાની ૮૭ બેઠકોની ચૂંટણીમાં કુલ ૮૪૬ ઉમેદવારો અને બીજા તબક્કાની ૯૫ બેઠકો પર કુલ ૮૨૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. ચૂંટણી પંચના સૂત્રોએ કહ્યું હતું કે, પ્રથમ તબક્કાની ચૂંટણીમાં લીંબાયતની બેઠક પર સૌથી વધુ ૨૦ ઉમેદવારો ઊભા રહ્યા છે. જ્યારે સૌથી ઓછા ઉમેદવારો ગણદેવી અને ધરમપુરની બેઠક પર ૪-૪ ઉમેદવારો ઉભા છે. વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો મતવિસ્તાર કચ્છનો અબડાસા છે. જ્યારે સૌથી વધુ મતદારો સુરતના કામરેજ બેઠક પર કુલ ૩૦૪૬૨૧ મતદારો છે. સૌથી ઓછા સુરતની કારંજ બેઠક પર કુલ ૧.૪૪ જેટલા જ મતદારો છે. બીજા તબક્કાની ચૂંટણીમાં ૯૫ બેઠકો માટે કુલ ૮૨૦ જેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. બેઠક પર ૧૮ ઉમેદવારો વચ્ચે જ ચૂંટણી જંગ ખેલાશે. ચૂંટણી જાહેર થયા બાદ રાજકીય પક્ષો અને અગ્રણીઓ સામે આચારસંહિતા ભંગની કુલ ૫૪ ફરિયાદો મળી છે. આઈપીસી ૧૮૮ મુજબ ૩૫ ફરિયાદો નોંધાવી છે. દારૂબંધી ભંગની ૩ ફરિયાદો આઈપીસી ૧૭૧ મુજબ ૬ ફરિયાદો નોંધવામાં આવી છે.

# વડોદરામાં બળવાખોરોને લઈને મુખ્યપક્ષો ચિંતાતુર

વડોદરા, તા.૫

કોંગ્રેસ અને ભાજપ બંનેને બળવાખોર ઉમેદવારોને લઈને ચિંતા છતાવી રહી છે. વડોદરા જિલ્લામાં બળવાખોરો મુખ્ય પાર્ટીને મુશ્કેલીમાં મૂકી શકે છે. કેટલાક બળવાખોરો ઉમેદવારી પાછી ખેંચી ચૂક્યા છે પરંતુ હજુ ઘણા ઉમેદવાર મેદાનમાં છે. વાઘોડિયા, સાવલી, છોટા ઉદેપુર અને પાવી જેતપુરમાં બળવાખોર ઉમેદવાર મેદાનમાં છે.

વાઘોડિયામાં કોંગ્રેસના બળવાખોર મંગળસિંહ ગોહિલ ગુજરાત પરિવર્તન પાર્ટીની ટિકિટ ઉપર ચૂંટણી મેદાનમાં છે જ્યારે ભાજપના બળવાખોર રોહિત પટેલ પણ ચૂંટણી મેદાનમાં અપક્ષ તરીકે છે. સાવલીમાં ભાજપના બળવાખોર કેતન ઈનામદાર પણ ચૂંટણી મેદાનમાં છે. ભાજપના ઉપેન્દ્રસિંહ ગોહિલની સ્થિતિને ખરાબ કરી શકે છે. આદિવાસી પટ્ટામાં ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય શંકર રાઠવા પણ જીપીપીની ટિકિટ ઉપર છોટા ઉદેપુરમાંથી ચૂંટણી મેદાનમાં છે. પાવી જેતપુરમાં ત્રણ અપક્ષ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. જો કે કેટલાક બળવાખોરો નામ પાછા ખેંચી ચૂક્યા છે છતાં હજુ ઘણા ઉમેદવાર ચિંતા ઉપજાવે તેવા છે.



અમદાવાદના ધરણીધર દેરાસર પાસે લગાવવામાં આવેલા જાગૃતિ પંડ્યા અને સ્વ. હરેન પંડ્યાના હોર્ડિંગને દબાણ વિભાગ દ્વારા ઉતારી લેવામાં આવ્યા હતા જેથી લોકોએ વિરોધ કર્યો હતો.

# એક જ દિવસમાં મોદીની સાત સભાને સંબોધવાનું અભિયાન

## ગુજરાત વિધાનસભાની ૧૮ બેઠકોને આવરી લઇને સાત જાહેરસભાઓને સંબોધી : કોંગ્રેસ પર ફરી આકરા પ્રહારો

અમદાવાદ, તા. ૫

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મધ્યગુજરાત અને કચ્છ-કાઠિયાવાડના વિદ્યુતવેગી ચૂંટણી પ્રવાસમાં ગુજરાત -વિરોધી કોંગ્રેસને આ ચૂંટણીમાં એવી આકરી સજા કરવા જનતાને અનુરોધ કરતા જણાવ્યું કે કોંગ્રેસના વિકાસ સામેનો વિરોધનો બસ એક જ મુદ્દો છે કે આ નરેન્દ્ર મોદીને ગુજરાતમાં વિકાસ કરતા રોકો.

નરેન્દ્ર મોદીએ આજે એક જ દિવસમાં મધ્ય ગુજરાત અને કચ્છ-કાઠિયાવાડનો વિદ્યુતવેગી ચૂંટણી પ્રવાસ કરી સાત જંગી સભાઓ સંબોધવા અભિયાન ઉપાડ્યું જેમાં ડાકોર, કાલોલ, સાયલા, ભચાઉ, વાંકાનેર, ભૂજ અને રાજકોટનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીએ ડાકોરના રણછોડરાયજીના દર્શન કરીને ડાકોર અને કાલોલમાં મધ્ય ગુજરાતના છ વિધાનસભા મતક્ષેત્રોની બે સંયુક્ત જનસભાઓને સંબોધતા જણાવ્યું કે ગુજરાતનું ભાવિ સોંપવાનો કોના ઉપર ભરોસો મૂકવો છે તે નક્કી કરીને ભાજપના કમળ ઉપર બટન દબાવીને અગાઉના બધા જ વિક્રમો તોડીને ભાજપાનો વિજય વાવટો ફરકાવશે. તમે ભાજપાના કામને અને વિકાસને બાર વર્ષથી ઓળખ્યો છે.

આખે આખું ગુજરાત મને બરાબર પારખે છે અને મને તમારા આશીર્વાદથી સેવા કરવાની તક આપી છે ત્યારે કમળના નિશાન ઉપર મત આપશો તો તે મત મારા ખાતા ઉપર જમા થવાનો છે. ગુજરાતને બેહાલ કરવાના કોંગ્રેસના જુઠ્ઠાણા બધા પકડાઈ જ જવાના છે અને જનતાના હાથે ભૂંડા હાલ થવાના જ છે એમ જણાવી નરેન્દ્ર મોદીએ સોનિયા ગાંધીએ ગઈ ચૂંટણીમાં છોટાઉદેપુરમાં જંગી આદિવાસી રેલીથી ચૂંટણી પ્રચાર શરૂ કરેલો પણ બૂરા હાલે રેલી કરી- પણ કોંગ્રેસ જનતાને ગમે એટલી છેતરવા માંગે, ગુજરાતની જનતા એને છોડવાની નથી. નરેન્દ્ર મોદીએ ડાકોરમાં ઉમરેઠ, ઠાસરા અને બાલાસિનોર તથા કાલોલમાં કાલોલ, હાલોલ અને ગોધરા બેઠકોના ભાજપાના ઉમેદવારોને ભવ્ય વિજય અપાવવા આહવાન કર્યું હતું.

# પોલીસ જવાનો ૯મી અને ૧૦મી ડિસેમ્બરે મતદાન કરશે

## શહેર પોલીસ જવાનો માટે મતદાનની વ્યવસ્થા કરાઈ : સીલ કવરમાં મતદાન : કાયદો અને વ્યવસ્થા જાળવવા તેનાત કરાનાર ૧૫ હજાર પોલીસ જવાનો મતદાન કરશે

અમદાવાદ, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર નજર રાખવા હજારોની સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત કરવામાં આવનાર છે. પોલીસ જવાનો માટે ચૂંટણી પહેલાં જ મતદાનનું આયોજન કરવામાં આવ્યું છે જેથી પોલીસ કર્મચારીઓ મતદાન પહેલાં જ તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. શહેરના પોલીસ કર્મચારીઓ ૯મી અને ૧૦મી ડિસેમ્બરના દિવસે ટપાલ મારફતે મતાધિકારનો ઉપયોગ કરનાર છે. ૧૫,૦૦૦થી વધુ પોલીસ જવાનો મતદાન મથકો ઉપર ફરજ બજાવનાર છે. જાણવા મળેલી માહિતી મુજબ ૯મી અને ૧૦મી ડિસેમ્બરના દિવસે શહેર પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ જવાનો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. શહેર પોલીસના અધિકારીઓનું કહેવું છે કે મિની ઈલેકશનની તૈયારી શરૂ થઈ ચૂકી છે. રાજ્ય ૬૫૦૦૦ પોલીસ જવાનો ધરાવે છે. મોટાભાગના લોકો સુરક્ષા બંદોબસ્તમાં સામેલ કરવામાં આવનાર છે જેમાં સશસ્ત્ર અને અર્ધલશ્કરી દળના જવાનો સામેલ છે. અન્ય સરકારી કર્મચારીઓની જેમ જ પોલીસ જવાનો પણ તપાસ મતનો ઉપયોગ કરનાર છે. શહેર પોલીસ ૯૨૪૭ નોંધાયેલા મત ધરાવે છે. શહેર પોલીસ ઉપરાંત અન્ય મત વિસ્તારના ૪૦૦૦ જવાનો પણ મતદાન કરનાર છે. ત્રણ હજારની સંખ્યામાં હોમગાર્ડના જવાનો પણ ચૂંટણી ફરજ અદા કરનાર છે. શહેર પોલીસ હેડક્વાર્ટર ખાતે ૧૦,૦૦૦થી વધુ પોલીસ જવાનો માટે વ્યવસ્થા કરવામાં આવી ચૂકી છે. પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ સીલ કવરમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે અને આને મત પેટીમાં નાખશે. અને આ બોક્સને ત્યારબાદ સંબંધિત પોસ્ટ ઓફિસમાં મોકલી દેવાશે જ્યાંથી સંબંધિત મત વિસ્તારમાં પહોંચશે અને ગણતરી કરવામાં આવશે. અંતિમ મત ગણતરી દરમિયાન ઈવીએમમાં નોંધાયેલા મત સાથે આની ગણતરી કરવામાં આવશે. રાજકીય પક્ષો, ચૂંટણી કમીશનના અધિકારીઓ, સુરક્ષા સ્ટાફ સાથે યોગ્ય ચૂંટણી કવાયત હાથ ધરાશે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ વધારે ઉત્સુકતા દેખાઈ રહી છે.